# વલસાડમાં વીજલાઈનનો વિરોધ

**પહેલા** વળતર, પછી ટાવર!' નવસારીમાં ખેડૂતોનો હક્ક માટે હલ્લાબોલ

વલસાડ, નવસારી : વલસાડ જિલ્લાના ગામોમાંથી પસાર થનારી ટ્રાન્સમિશન લાઇન અને ટ્રાન્સમિશન ટાવર ઊભા કરવા મુદ્દે ઉગ્ર વિરોધ ઉભો થયો છે. સોમવારે નાનાપોંઢા તાલુકા, કપરાડા, ધરમપુર તાલુકાના ગામોના અસરગ્રસ્ત ખેડૂતોની બનેલી સમન્વય સમિતિએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગણી કરી છે. આવેદનપત્રમાં ખેડુતોએ જણાવ્યુ કે, તેવી જ રીતે નવસારી જિલ્લામાં હવે ખેડૂતોનો અવાજ વધુ ઉગ્ર બન્યો છે. મરોલી કોળી સમાજની વાડી ખાતે નવસારી જિલ્લા પાવરગ્રીડ-જેટકો અસરગ્રસ્ત ખેડૂત સમન્વય સમિતિની બેઠક મળી હતી. જેમાં પહેલા વળતર અને પછી ટાવરનો નિર્ણય લેવાયો હતો. ખેડૂતોએ કહ્યું હતું કે અમને વિકાસ સામે કોઈ વાંધો નથી, પરંતુ કંપની દ્વારા અમને કોઈપણ પ્રકારની જાણ કરાતી નથી, સાથે વળતર બાબતે પણ અમને અન્યાય થાય તેવું પણ લાગી રહ્યું છે.

### મુદ્દાઓ ન ઉકેલાશે તો ઉગ્ર આંદોલન કરાશે

નાનાપોંઢા તાલુકાના યુવા આગેવાન જયેન્દ્ર ગાવિતે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોની સમન્વય સમિતિની બેઠક બાદ સરકારના 4-7-2026ના પરિપત્રમાં કેટલાક નીતિ વિષયક ફેરફારોની જરૂર જણાતા કલેક્ટરને રજૂઆત કરી છે. જેમાં ખેડૂતની મંજૂરી વગર કંપનીના કર્મચારીઓ ખેતરમાં ન આવે, અસરગ્રસ્ત જમીનનું માપ આપવામાં આવે, વેલ્યુરો દ્વારા જમીનની કિંમતનું મૂલ્યાંકન, ટાવર બેઝ વળતર, અકસ્માત વીમા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. જો આ મુદ્દાઓ ન ઉકેલાશે તો ઉગ્ર આંદોલન કરાશે.

**જયેન્દ્ર ગાવિત, યુવા આગેવાન, નાનાપોંઢા**






### ખેડૂતોની મુખ્યમાંગ

- વળતરમાં 200 ટકાના બદલે 400 ટકા
- કોરીડોરમાં 30 ટકાના બદલે 260 ટકા વળતર
- અકસ્માત વીમા યોજનાનો સમાવેશ કરવામાં આવે
- વળતરની કમિટીમાં ખેડૂતોનો સમાવેશ કરવામાં આવે

# ઉનાઈ માતાજી મંદિરના કુંડમાં ડૂબી જતા સાત વર્ષીય બાળકનું મોત

**રેલિંગના** પાઈપ વચ્ચેની મોટી જગ્યાને લઈ સુરક્ષા સામે સવાલો, તંત્ર તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરે તે જરૂરી


નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદા તાલુકાના પવિત્ર યાત્રાધામ ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં આવેલા પાણીના કુંડમાં એક બાળકનું પડી જવાથી ડૂબી જતાં મોત નીપજ્યું હતુ. કુંડની આસપાસ લગાવેલી રેલિંગમાં પાઈપ વચ્ચેની જગ્યા વધુ હોવાથી બાળક ત્યાંથી કુંડમાં પડી ગયો હોવાની ચર્ચા સાથે મંદિર પરિસરની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ ખાતે રહેતા સતેન્દ્રભાઈ જયસ્વાલનો સાત વર્ષીય પુત્ર સિદ્ધાર્થ પરિવારજનો સાથે ઉનાઈ માતાજીના મંદિર ખાતે આવ્યો હતો, જ્યાં રમતા રમતા ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં આવેલા પાણીના કુંડ પાસે પહોંચી ગયો હતો. દરમિયાન કુંડની આસપાસ લગાવવામાં આવેલી મોટી રેલિંગ વચ્ચેથી બાળક કુંડમાં પડી ગયો હતો. કુંડના પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતુ. બીજી તરફ બાળક ગુમ થતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. લાંબી શોધખોળ બાદ પણ બાળકનો પત્તો ન લાગતાં પરિવારજનોએ ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. જેમાં બાળક કુંડ તરફ જતો અને ત્યારબાદ કુંડમાં પડી ગયો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ કુંડમાં તપાસ કરતાં બાળક પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યો હતો. આ કરૂણ ઘટનાને પગલે મંદિર પરિસરમાં કુંડની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. જો રેલિંગમાં પાઈપ વચ્ચેની જગ્યા ઓછી રાખવામાં આવી હોત તો કદાચ આ પ્રકારની દુર્ઘટના અટકાવી શકાય તેમ હતી. ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને બાળકો આવતા હોવાથી કુંડની આસપાસની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી જરૂરી છે.

# બીલીમોરામાં ગણેશ પ્રતિમાના આગમન સમયે મિત્રો પર હુમલો

**જૂની** અદાવતમાં ચાકુ અને પંચથી હુમલો કરી ઈજા પહોંચાડી

બીલીમોરા : ગણપતિના આગમનને જોવા આવેલા ત્રણ મિત્રોને અગાઉ થયેલા ઝઘડાની અદાવતમાં બીલીમોરામાં માર ખાવો પડ્યો હતો.

ગણદેવી તાલુકાના કછોલી બ્રાહ્મણ ફળિયામાં રહેતો વિનય હળપતિ મિત્રો અરુણ અને સુમન હળપતિ સાથે ૨૯ ઓગસ્ટની રાત્રે બીલીમોરામાં 'મન્નત કા રાજા'ના આગમનનો કાર્યક્રમ જોવા આવ્યો હતો. તેઓ પોતાનું વાહન મૂકી ચાલતા કોલેજ સુધી ગયા હતા. ૩૦ ઓગસ્ટની રાત્રે કાર્યક્રમ જોઈને પરત ફરતી વખતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને ત્રણ શખ્સે તેમના પર હુમલો કર્યો હતો. દરમિયાન વિશાલ ઉર્ફે ચપ્પુ (રહે. રહેજ)એ વિનયને માર માર્યો હતો. બીજા આરોપી જય (રહે. ગણદેવી) એ તેની પાસે રાખેલા ચાકુ વડે વિનયની પીઠના ભાગે ઘા મારતા ગંભીર ઈજા થઈ હતી. જ્યારે ત્રીજા આરોપી વિશાલ (રહે. ગણદેવી)એ હાથમાં પહેરેલા લોખંડના પંચથી પીઠના ભાગે માર માર્યો હતો. વચ્ચે બચાવ કરવા આવેલા મિત્રો આર્યન અને અરુણને પણ આરોપીઓએ માથા અને પેટના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરો જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ગંભીર ઈજા પામેલા વિનયે અન્ય વાહનચાલકની મદદથી મેંગુસી હોસ્પિટલમાં સારવાર મેળવી હતી. આ બનાવ અંગે વિનય હળપતિએ વિશાલ ઉર્ફે ચપ્પુ, જય અને હર્ષ સામે ફરિયાદ નોંધાવતા બીલીમોરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જીગ્નેશભાઈ કાંતિલાલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ધરમપુરના કેળવણી ગઢધા ડુંગર ઉપર યુવાનનો આપઘાત

ધરમપુર : ધરમપુર તાલુકાનાં કેળવણી ગામનાં બિજુર ફળિયામાં રહેતા ઇશ્વર ભાયલુ બારિયાએ ગામ નજીકના કેળવણીના ગઢધા ડુંગર ઉપર બેહેડના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ આત્માહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. ધરમપુર પોલીસે સળી ગયેલી લાશનો કબજો લઈ સરકારી હોસ્પિટલમાં પીએમ માટે મોકલી હતી. ધરમપુર પોલીસ મથકે બિબલાબેન ઈશ્વર બારિયાએ જાણ કરતા વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

# ૨૬ લાખનો હિંગનો પાઉડર સિઝ

**ઉમરગામમાં એવરગ્રીન** ફૂડ કંપની એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ માટે હિંગનું જોબવર્ક કરતી હોવાનું ધ્યાને આવ્યું


ઉમેશ સોલંકી

વલસાડ, ઉમરગામ : વલસાડ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઉમરગામની જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૨૮૩૭માં આવેલી Ever Green Food Mfg. Co ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી.જેમાં જાણવા મળ્યું કે, આ પેઢી દ્વારા EVEREST Food Products Pvt. Ltd. માટે હિંગનું જોબવર્ક કરવામાં આવે છે. તપાસ દરમિયાન હિંગના જથ્થામાંથી નમૂના લેવામાં આવ્યા હતા. જેને પૃથ્થકરણ રાજકોટ લેબોરેટરીમાં મોકલી અપાયા છે. નમૂનાઓનો પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ અહેવાલના આધારે ખાદ્ય સલામતી અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ તથા તે હેઠળના નિયમો/વિનિયમો મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

તપાસ દરમિયાન Ever Green Food Mfg. Co. ખાતે કુલ ૪,૬૬૮.૮ કિગ્રા હિંગ પાઉડરનો જથ્થો, જેની કુલ કિંમત રૂપિયા ૨૬,૮૧,૩૪૦ થાય છે, તે સીઝ કરવામાં આવ્યો છે. જેમાં Yellow Hing Powder (Loose)નો ૧,૧૯૯.૪ કિગ્રા જથ્થો, જેની કિંમત રૂપિયા ૫,૯૯,૭૦૦ છે, તેમજ Black Hing Powder (Loose)નો ૩,૪૬૯.૪ કિગ્રા જથ્થો, જેની કિંમત રૂપિયા ૨૦,૮૧,૬૪૦ થાય છે.

આમ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કુલ ૪,૬૬૮.૮ કિગ્રા હિંગ પાઉડરનો જથ્થો સીઝ કરી, તેના Enforcement Samples પૃથ્થકરણ અર્થે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યો છે. પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિયમોનુસાર આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે એવુ ડેઝિગ્નેટેડ ઓફિસર આશિષ વલવીએ જણાવ્યું હતું.


